## -: જાહેરનામું :-

## ગુજરાત નશાબંધી અધિનિયમ ૧૯૪૯ ની કલમ ૧૪૨ હેઠળ હુકમ :-

નં.વિશા/એ સેક્શન/પરમીટ/૨૮/૨૦૧૪
પોલીસ કમિશ્નરની કચેરી, વિશેષ શાખા,
શાહીબાગ, અમદાવાદ શહેર.તા.૫.૦૪.૨૦૧૪

**હુકમ:-**

ભારતના ચુંટણીપંચ દ્વારા ભારતની લોકસભા સામાન્ય ચુંટણી-૨૦૧૪ તા.30.0૪.૨૦૧૪ ના રોજ સમગ્ર અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર હદ વિસ્તારના મતદારોને આદર્શ લોકશાહી પ્રણાલીની પ્રતિતી કરાવે તેવી શાંત, સ્વચ્છ અને નિષ્પક્ષ ચુંટણી યોજાય તેવું વાતાવરણ સર્જવા ચુંટણી દરમ્યાન નશીલા પદાર્થોના ઉપયોગની અસર અને જાહેર જીવનને પરેશાન કરે તેવી શક્યતા નિવારવા કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિચ્છીત કરવા તેમજ જાહેર શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે દારૂ અને નશાયુકત પદાર્થોનું વેચાણ કે, પિરસવાનું અટકાવવું જરૂરી છે.

વાસ્તે હું શિવાનંદ ઝા, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર તે ગુજરાત નશાબંધી અધિનિયમ ૧૯૪૯ ની કલમ ૧૪૨ થી મને મળેલ અધિકારની રૂએ નીચે પ્રમાણે ફરમાવું છું.

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર હદ વિસ્તારમાં આવેલ દારૂ અને નશાયુકત પદાર્થોના વેચાણ માટેના પરવાના ધરાવનારાઓએ ચુંટણી તેમજ મત ગણતરી દરમ્યાન નીચેના દિવસોએ દારૂ અને નશાયુકત પદાર્થોનું વેચાણ સ્થળ/દુકાન/રેસ્ટોરેન્ટ/કલબ કે અન્ય કોઈપણ સ્થળ કે જયાં દારૂ અને નશાયુકત પદાર્થોનું વેચાણ થતું હોય તેવા સ્થળો બંધ રાખવા.

આ હુકમ તારીખ તા.૨૮.0૪.૨૦૧૪ ના કલાક 00.00 થી તા.30.0૪.૨૦૧૪ ના કલાક ૨૪.00 સુધી તથા તા.૧૬.0૫.૨૦૧૪ ના કલાક 00.00 થી ૨૪.00 સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ તથા ગુજરાત નશાબંધી અધિનિયમ ૧૯૪૯ ની કલમ ૯0 ની જોગવાઈ મુજ્બ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની બહોળી પ્રસિધ્ધી વર્તમાનપત્રો દ્વારા જાહેર જગ્યાએ ચોંટાડીને, લાઉડ સ્પીકર તેમજ આકાશવાણી અને દુરદર્શન દ્વારા કરવાની રહેશે.

આજ તારીખ ૫ માહે એપ્રીલ સને ૨૦૧૪ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

(શિવાનંદ ઝા)
પોલીસ કમિશ્નર,
અમદાવાદ શહેર.

**નકલ સવિનય રવાના:-**

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય ગૃહ વિભાગ, ગાંધીનગર
(૨) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી ગુ.રા.ગાંધીનગર.
(3) અધિક પો.મહાનિદેશકશ્રી (ઈન્ટે.) ગુ.રા.ગાંધીનગર.
(૪) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર.
(૫) કલેકટરશ્રી અમદવાદ/જીલ્લા ચુંટણી અધિકારી અમદાવાદ શહેર.
(૬) નિયામકશ્રી માહીતી ખાતુ ગુ.રા.ગાંધીનગર.
(૭) રજીસ્ટ્રારશ્રી હાઈકોર્ટ, અમદાવાદ

(૮) રજીસ્ટ્રારશ્રી સિવીલ અને સેશન્સ કોર્ટ અમદાવાદ

(૯) રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ મીરજાપુર અમદાવાદ

(૧૦) ચીફ મેટ્રોપોલીટન મીજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર.

(૧૧) જીલ્લા ચુંટણી અધિકારીશ્રી અમદાવાદ કલેકટર કચેરી સુભાષબ્રિજ સર્કલ પાસે, સાબરમતી

(૧૨) મુખ્ય ચુંટણી અધિકારીશ્રી ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

<u>નકલ રવાના :-</u>

(૧) સંયુકત પોલીસ કમિ.શ્રી સેક્ટર-૧, ક્રાઈમ બ્રાન્ચ, અમદાવાદ શહેર.

(૨) અધિક પોલીસ કમિ.શ્રી સેક્ટર-૨ અમદાવાદ શહેર.

(૩) અધિક પોલીસ કમિ.શ્રી ટ્રાફીકશાખા અમદાવાદ શહેર.

(૪) તમામ નાયબ પોલીસ કમિ.શ્રી અમદાવાદ શહેર.

(૫) મેનેજરશ્રી ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટવડોદરા તરફ ગેજેટ ભાગ-૧ માં પ્રસિધ્ધિ કરવા સારૂ.

(૬) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર.

(૭) સીનીયર સરકારી વકીલશ્રી અમદાવાદ શહેર.

(૮) જનસંપર્ક અધિકારીશ્રી (સ્થાનીક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરાવવા સારૂ.)

(૯) તમામ પો.ઈન્સ.શ્રીઓ અમદાવાદ શહેર (જાહેર જ્ગ્યાઓએ નકલો ચોટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ. )

(૧૦) પોલીસ ઈન્સ.શ્રી અમદાવાદ રેલ્વે પો.સ્ટે.

(૧૧) પોલીસ સબ ઈન્સ.શ્રી સાબરમતી રેલ્વે.પો.સ્ટે.